For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

‘ફાગી, તેં આવું કેમ કર્યું?’ અલ્પેશની અંતિમ ચીસ, પ્રેમ, વિશ્વાસઘાત અને આત્મહત્યાની કરુણ ગાથા

# ‘મરી જવું હોય તો મરી જાઓ’, બેવફા પત્નીના શબ્દોએ અલ્પેશને આપઘાત માટે મજબૂર કર્યો


પત્ની ફાલ્ગુની


પ્રેમી નરેશ

**જિલ્લા** પંચાયત ક્વાટર્સમાં પીટી શિક્ષકે પોતાના બે વ્હાલસોયા પુત્ર સાથે આપઘાત કર્યાની ઘટનામાં હચમચાવી નાંખનારો શરમજનક ખુલાસો

**બે** ડાયરી અને 8 પાનાંની સ્યુસાઈડ નોટમાં બેવફા પત્નીનાં કારનામાં અલ્પેશભાઈએ જાણે લોહીના આંસુથી ચીતર્યા હતા

**લાખ** પ્રયત્નો બાદ પણ પત્નીએ આડા સંબંધો ચાલુ રાખ્યા હતા, કહેતી ‘મરી જવું હોય તો મરી જાઓ, પણ મને મારી લાઈફ જીવવા દો’

**પિતા** અને બે દીકરાના મૃતદેહ જોઈ પરિવારનું હૈયાફાટ રૂદન, પોલીસે પત્ની અને પ્રેમી વિરુદ્ધ આત્મહત્યાની દુષ્પ્રેરણાનો ગુનો નોંધી ધરપકડ કરી

સુરતઃ અઠવાલાઇન્સ જિલ્લા પંચાયત ક્વાર્ટરમાં રહેતા શિક્ષકે 2 અને 8 વર્ષના બે પુત્રને ઝેર આપી પોતે ફાંસો મોતને વહાલું કરી લીધું હતું. પત્નીના લગ્નેત્તર સંબંધને કારણે દંપતી વચ્ચે ક્લેશ થતા આ કરુણ ઘટના બની હોવાનો ઘટસ્ફોટ થયો છે. પોલીસ દ્વારા શિક્ષકના પત્ની ફાલ્ગુની ...અનુસંધાન પાના ૯ પર

### એક વખત ફાલ્ગુની મોડી આવી અને મોપેડ પંચરનું બહાનું કાઢ્યું ત્યારે પહેલીવાર શંકા ગઈ હતી

અલ્પેશને ફાલ્ગુની પર પહેલીવાર શંકા ત્યારે ગઈ જ્યારે તે એક દિવસે મોડી ઘરે આવી. ફાલ્ગુનીએ કારણ આપ્યું કે તેની એક્ટિવા પંચર થઈ ગઈ હતી. અલ્પેશે જ્યારે પૂછ્યું કે તેણે તેને જાણ કેમ ન કરી અને કોણે મદદ કરી, ત્યારે ફાલ્ગુનીએ નરેશનું નામ લીધું હતું. આ જવાબ અલ્પેશના મનમાં શંકાનું બીજ રોપી ...અનુસંધાન પાના ૯ પર

### પત્ની ફાલ્ગુનીના જિ.પં.ના ખેતી વિસ્તરણ અધિકારી નરેશ રાઠોડ સાથે આડા સંબંધોનો સ્યુસાઈડ નોટમાં ઉલ્લેખ

પત્નીના લગ્નેતર સંબંધોનું દુઃખ સ્યૂસાઈડ નોટમાં અલ્પેશે જણાવ્યું હતું કે, તેની પત્ની અને ખેતીવાડી વિસ્તરણ અધિકારી વચ્ચે છેલ્લા ઘણાં સમયથી લગ્નેતર સંબંધો હતા. આ અધિકારી જિલ્લા પંચાયત કાર્યાલયમાં ફરજ બજાવે છે અને તે પણ જિલ્લા પંચાયત ક્વાર્ટસમાં જ રહે છે.

### પત્ની અને તેના પ્રેમીને ઘણી વખત સમજાવ્યા, છતાં તેમણે પ્રેમાલાપ ચાલુ રાખતાં સતત ઝઘડા થતા હતા

સ્યૂસાઈડ નોટમાં લખ્યું હતું કે, આ સંબંધો વિશે જાણ થતા ઘણાં સમયથી મૂંઝવણ અનુભવતા હતા. તેમણે પોતાની પત્ની અને તેના પ્રેમીને ઘણી વખત સમજાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ માન્યા નહોતા અને તેમના સંબંધો ચાલુ રાખ્યા હતા. આ બાબતે અવારનવાર ઝઘડા થતા હતા.

### 400 પેજની ડાયરીમાં અલ્પેશે જીવન, ભાવના અને સુખ-દુઃખની વાતો લખી હતી

અંતિમવિધિ પૂર્ણ થયા બાદ, જીગ્નેશકુમારે તેમના ભાઈની બેગ ખોલી, તો બેગમાંથી અલ્પેશકુમારે પોતાના હાથે લખેલી બે ડાયરી અને 8 પાનાની સ્યૂસાઈડ નોટ મળી આવી છે. આ સ્યૂસાઈડ નોટ અને ડાયરીમાં લખેલી વાતોથી સમગ્ર ઘટનાનું રહસ્ય બહાર આવ્યું. અલ્પેશકુમારે તેમાં પોતાની મનોવ્યથા અને આત્મહત્યા કરવાનું કારણ સ્પષ્ટપણે લખ્યું હતું.

### આડા સંબંધો ન રાખવા સમજાવતા ત્યારે પત્ની કહેતી, ‘મને મારી લાઈફ જીવવા દો’

ફરિયાદમાં જીગ્નેશે ઉલ્લેખ કર્યો છે કે, જ્યારે અલ્પેશકુમાર તેમની પત્નીને આડા સંબંધો ન રાખવા સમજાવતા, ત્યારે પત્ની તોછડાઈભર્યું વર્તન કરતી હતી અને તેમના અસ્તિત્વને અવગણીને વારંવાર કહેતી હતી કે, ‘મરી જવું હોય તો મરી જાઓ, ...અનુસંધાન પાના ૯ પર

### ‘ફાગી, તું આવું કેમ કરી રહી છે?’ અંતિમ વિડીયોમાં અલ્પેશનું આક્રંદ હચમચાવનારું હતું

અલ્પેશનો અંતિમ વીડિયો હૃદયને હચમચાવી દેનારો છે. આ વીડિયોમાં તે વારંવાર પોતાની પ્રિયતમા પત્ની ફાલ્ગુનીને ‘ફાગી’ કહીને સંબોધિત કરે છે. તેનો અવાજ વેદનાથી ભરેલો છે, તેની આંખોમાં વિશ્વાસઘાતનું દર્દ છલકાય છે. તે કહે છે, ‘ફાગી, તેં આ શા માટે કર્યું? હું તારી સાથે રહેવા તૈયાર હતો. તે પોતાની પત્નીને યાદ અપાવે છે કે તે તેને કેટલો પ્રેમ કરતો હતો. વીડિયોમાં તે નરેશનો ...અનુસંધાન પાના ૯ પર

સેલવાસની સરકારી સ્કૂલમાં સગીર વિદ્યાર્થીએ ખૂની ખેલ ખેલ્યો

# સ્કૂલબેગમાં છરી લાવ્યો અને છૂટતી વખતે 5 વિદ્યાર્થીને મારી દીધી

**હુમલો** કરનાર સગીર ધો.૭માં ભણતો હતો અને હુમલામાં તેની સાથે અન્ય બે સગીર પણ હતા

**સગીરે** ધો.11ના 5 વિદ્યાર્થીને છરી મારતાં હાથ, પીઠ, કાન પર ઘા વાગ્યા

**પોલીસે** છરીથી હુમલો કરનાર વિદ્યાર્થી સહિત ત્રણ સગીર આરોપી સામે ગુનો નોંધ્યો

સેલવાસઃ સંઘપ્રદેશ દાદરા નગર હવેલીના મુખ્ય મથક સેલવાસમાં ઝંડા ચોક સ્થિત સરકારી સ્કૂલમાં શુક્રવારે સાંજે સ્કૂલ છૂટ્યાના સમયે એક વિદ્યાર્થીએ સ્કૂલ બેગમાંથી છરી કાઢી વિદ્યાર્થીઓ પર આડેધડ હુમલો કર્યો હતો. આ હુમલામાં ધો.૧૧ના પાંચ વિદ્યાર્થી ઘાયલ થયા હતા. હુમલો કરનાર વિદ્યાર્થી ધો.૭માં અભ્યાસ કરતો હોવાનું જાણવા મળે છે. તેની સાથે અન્ય બે સગીર પણ હોવાનું જાણવા મળે છે. સ્કૂલ છૂટવાના સમયે થયેલા આ છરીકાંડ બાદ સ્કૂલ પરિસરમાં ભારે ભાગદોડ મચી ગઈ હતી. ત્રણ વિદ્યાર્થીને શિક્ષકોએ નમો હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યા હતા. સારવાર બાદ ત્રણે વિદ્યાર્થીને ઘરે જવા માટે રજા મળી હતી.

સેલવાસ ઝંડા ચોક સ્થિત સરકારી સ્કૂલમાં શનિવારે સાંજે 5 વાગ્યાના ...અનુસંધાન પાના ૯ પર







### સ્કૂલ બેગમાં ચોપડાની સાથે છરી! સમાજ માટે લાલબત્તીસમાન ઘટના

સેલવાસની સરકારી સ્કૂલમાં શનિવારે સાંજે બનેલી ઘટના ભદ્ર સમાજ માટે લાલબત્તી સમાન છે. સ્કૂલ બેગમાં વિદ્યાર્થી ચોપડાની સાથે છરી લઈ જાય તેવા ચિંતાજનક છે. બીજી તરફ સ્કૂલ છૂટવાના ...અનુસંધાન પાના ૯ પર

### છેલ્લા કેટલાક સમયથી ઝંડા ચોકની આ સ્કૂલ ચર્ચામાં છે

આ સ્કૂલ બહાર થોડા દિવસ પહેલાં છૂટ્ટા હાથે મારામારી થઈ હતી તેનો વિડીયો વાયરલ થયો હતો. એ પછી આ જ શાળાના વિદ્યાર્થીઓએ ...અનુસંધાન પાના ૯ પર

# નર્મદ યુનિ.માં ફાઈન આર્ટ્સમાં ૩૨માંથી ૨૮ વિદ્યાર્થી નાપાસ, મહિલા પ્રોફેસરે ‘શૂન્ય’ માર્ક આપ્યા

**મહિલા** પ્રોફેસરે કિન્નાખોરી રાખીને વિદ્યાર્થીને ગેરહાજર બતાવી નાપાસ કર્યા હોવાના આક્ષેપ સાથે કુલપતિને લેખિત ફરિયાદ કરાઈ

સુરતઃ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કેમ્પસમાં આવેલી ફાઈન આર્ટસ ફેકલ્ટીમાં બીજું સેમેસ્ટર પૂરું થયા બાદ પરિણામ વિવાદમાં ઘેરાયું છે. વિભાગના કુલ ૩૨ વિદ્યાર્થીઓમાંથી ૨૮ને આંતરિક મૂલ્યાંકનમાં ઝીરો માર્ક્સ આપી ગેરહાજર જાહેર કરવામાં આવ્યા છે. જ્યારે તેમાંથી ઘણા વિદ્યાર્થીઓ દાવો કરે છે કે તેઓ આખા વર્ષ દરમિયાન નિયમિત રીતે ક્લાસમાં હાજર રહ્યા હતા.

વિદ્યાર્થીઓ દ્વારા કોલેજના કુલપતિ સમક્ષ લેખિતમાં ફરિયાદ કરવામાં આવી છે કે તેમને જ્ઞાનઅધ્યયનના બદલે અન્ય કામમાં વાપરવામાં આવ્યા અને પછી ઈન્ટરનલમાં ટાર્ગેટ કરવામાં આવ્યા. વિદ્યાર્થીઓના જણાવ્યા મુજબ, ડિપાર્ટમેન્ટની એક મહિલા પ્રોફેસર દ્વારા તેમને પુનઃપુન શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતા હતા. તેઓએ તમામ વિદ્યાર્થીઓને “અહિં હાજર નહોતા” કહીને ઈન્ટરનલ મૂલ્યાંકનમાં ...અનુસંધાન પાના ૯ પર

### એજ્યુકેશન કે એક્સપ્લોઇટેશન?! પેન્સિલ છોલાવવી, ઝાડુ મારવું જેવાં કામો કરાવવાની ફરિયાદ

વિદ્યાર્થીઓએ જે ગંભીર આરોપ લગાવ્યા છે, તે મુજબ વિભાગની મહિલા પ્રોફેસર તેમને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સિવાયના કામો માટે દબાણ કરતી હતી. જેમ કે ક્લાસરૂમમાં ઝાડુ મારવો, ટેબલ સાફ કરવી, પેન્સિલો છોલાવવી વગેરે.

### અગાઉ પણ આવી ફરિયાદો થઈ ચૂકી છે

આ મહિલા પ્રોફેસર વિરુદ્ધ આ પ્રથમ ફરિયાદ નથી. અગાઉ પણ એક અન્ય વિદ્યાર્થી દ્વારા રાજ્ય સરકાર સમક્ષ લેખિતમાં ફરિયાદ કરવામાં આવી હતી. છતાં, તંત્ર દ્વારા કોઇ દ્રષ્ટિગત પગલાં લેવામાં આવ્યા નહોતા.

### હવે તમામ નજર ઇન્ક્વાયરી રિપોર્ટ પર

વિદ્યાર્થીઓની રજૂઆતને પગલે આંતરિક તપાસ આરંભવામાં આવી છે. જો વિદ્યાર્થીઓની ફરિયાદોને માન્યતા અપાશે, તો આ કેસ યુનિવર્સિટી સિસ્ટમમાં શિષ્ટાચાર અને જવાબદારીના મુદ્દે મોટો મેસેજ આપી શકે છે.

મિત્રને કહ્યું ‘આખી રાત સૂતો નથી, મને છાતીમાં દુઃખે છે’

# છાતીમાં દુખાવો થતાં સારવાર માટે હોસ્પિટલ શોધી રહેલો SVNITનો Ph.D.નો વિદ્યાર્થી ચાલુ મોપેડે જ ઢળી પડ્યો!

**હોસ્ટેલમાં** રહેતો હતો, છાતીમાં દુખાવો ઉપડતાં મિત્રને કહ્યું ચાલ મને હોસ્પિટલ લઈ જા

**એક** હોસ્પિટલમાં ડોક્ટર મળ્યો નહીં અને બીજી હોસ્પિટલ શોધતા હતા ત્યારે ચાલુ મોપેડે પટકાયો ને મોત

સુરતઃ શુક્રવારે વહેલી સવારે છાતીમાં દુઃખાવો ઉપડતા મિત્ર સાથે હોસ્પિટલ જઈ રહેલા SVNITના વિદ્યાર્થીનું ચાલુ મોપેડ પરથી ઢળી પડતાં મોત નીપજ્યું હતું. આખી રાત સૂતો નથી, મને બેકપેઈન થાય છે, ચાલ હોસ્પિટલ જઈએ તેવું મિત્રને કહ્યું, પરંતુ સારવાર મળે તે પહેલાં જ વિદ્યાર્થીને મોત મળી ગયું હતું.

નવી સિવિલ હોસ્પિટલ પાસેથી મળતી માહિતી મુજબ, મૂળ અમદાવાદનો ઈલેશભાઈ ધનજીભાઈ ખડાયતા (27 વર્ષ) હાલ SVNIT કોલેજના ટાગોર ભવન હોસ્ટેલમાં ...અનુસંધાન પાના ૯ પર

### ગુરુવારે સાંજે ઈલેશ ફિલ્મ જોવા ગયો હતો અને રાત્રે અચાનક છાતીમાં દુખાવો થયો

ગુરુવારે સાંજે ઇલેશ ફિલ્મ જોવા થિયેટરમાં ગયો હતો. બાદમાં રાત્રે નવ વાગ્યે પરત રૂમ પર આવીને મિત્ર સાથે જમ્યો હતો. ત્યારબાદ મિત્ર તેની રૂમમાં સુવા જતો રહ્યો હતો. દરમિયાન શુક્રવારે સવારે ઉઠ્યા બાદ ઇલેશ ને અચાનક જ છાતીમાં દુખાવો થવા લાગ્યો હતો. જેથી બાજુ ની રૂમમાં રહેતા વિદ્યાર્થી મિત્ર હિતેશ ને જઈને જાણ કરી હતી. ઇલેશે કહ્યું હતું કે, આખી રાત સૂતો નથી, બેક પેઇન અને છાતીમાં દુખે છે, ચાલો હોસ્પિટલ જઈએ. ઇલેશે એમએસસીનો અભ્યાસ પૂર્ણ કરી હાલમાં એસવીએનઆઇટી કોલેજમાં કેમેસ્ટ્રી વિષય પર પીએચડીના ત્રીજા વર્ષમાં અભ્યાસ કરતો હતો.

પાસોદરામાં પુત્રને ઝેર પીવડાવી પોતે આપઘાત કરવાની ઘટનામાં ભેદ ખૂલ્યો

# બીજા લગ્નમાં પુત્રનો સ્વીકાર નહીં થતાં માતાએ પુત્રને ઝેર પીવડાવી પોતે પીધું હતું

**પાસોદરામાં** રહેતાં નયનાબેને પ્રથમ પતિનું અકસ્માત મોત બાદ અન્ય બે લગ્ન કર્યાં હતાં

**બંને** લગ્નમાં પતિએ પુત્રને સ્વીકારવાની ના પાડી દેતાં નયનાબેને છૂટાછેડા લઈ લીધા હતા

સુરતઃ પાસોદરામાં માતા દ્વારા પોતાના પુત્રને દૂધમાં ઝેર આપીને હત્યાનો પ્રયાસ કરવાની સાથે પોતે પણ ઝેર પી લઈ આપઘાત કરવાની ઘટનામાં મહિલાના ત્રણ લગ્ન બાદ પણ સંસાર નહી મંડાતા આ કૃત્ય કર્યું હોવાનું બહાર આવ્યું છે. પોલીસે મૃત માતા સામે હત્યાની કોશિષનો ગુનો નોંધ્યો હતો.

ઘટનાની વિગતો અનુસાર, નયનાબેનના ભાઈ કૌશલભાઈ ...અનુસંધાન પાના ૯ પર



### નયનાબેનના પ્રથમ પતિનું 2020માં અકસ્માતમાં મોત થયું હતું, દીકરાને અન્ય પતિ સ્વીકારવા તૈયાર થતા નહોતા

કૌશલભાઈના જણાવ્યા મુજબ, નયનાબેનનું વ્યક્તિગત જીવન મુશ્કેલીઓથી ભરેલું હતું. તેમના પ્રથમ પતિ ધર્મેશભાઈ ખંડેલાનું ૨૦૨૦માં અકસ્માતે મૃત્યુ થયું હતું, જે બાદ તેમણે બે વખત લગ્ન કર્યા, પરંતુ બંને લગ્નમાં મનમેળ ન બેસતાં છૂટાછેડા થયા. તેમના દીકરા હિયાનને તેમના ...અનુસંધાન પાના ૯ પર

# 15 વર્ષમાં જુલાઈ મહિનાના અંતે ઉકાઈ ડેમે 4 વખત 330 ફૂટની સપાટી વટાવી

**31 જુલાઈ-2025ના રોજ ઉકાઈ ડેમની સપાટી 330.27 ફૂટ નોંધાઈ**

**અગાઉ** સૌથી વધુ 2022માં 334.55 ફૂટ અને સૌથી ઓછી 2018માં 300.26 ફૂટ રહી હતી

સુરતઃ દક્ષિણ ગુજરાતભરની સમસ્ત માનવસૃષ્ટિ માટે મુખ્ય જીવનદાતા મનાતા ઉકાઈ ડેમે ચાલુ વર્ષે ફરી એકવાર 330 ફૂટની સપાટીને વટાવી છે. 31 જુલાઈ 2025ના અંતે ડેમની સપાટી 330.27 ફૂટ નોંધાઈ હતી.

વરસાદની બદલાઈ રહેલી પેર્ટન વચ્ચે વિતેલા 15 વર્ષના આંકડા પર નજર કરીએ તો જુલાઈ માસાંતે આ સપાટીને ડેમે માત્ર ચાર વખત જ વટાવી છે. જેમાં વર્ષ 2013, 2022, 2023 અને હવે 2025નો સમાવેશ થાય છે.



વિશેષ રીતે જોવામાં આવે તો 2022માં ડેમે 334.55 ફૂટની સપાટીને સ્પર્શી હતી, જે છેલ્લા 15 વર્ષમાં જુલાઈ મહિનાના અંતે ઉકાઈ ડેમની સૌથી ઊંચી સપાટી છે. જ્યારે 2018માં ...અનુસંધાન પાના ૯ પર

### છેલ્લાં 15 વર્ષની 31 જુલાઈની સપાટી

| વર્ષ | સપાટી (ફૂટ) | વર્ષ | સપાટી (ફૂટ) |
|---|---|---|---|
| | | 2017 | 314.96 |
| | | 2018 | 300.26 |
| 2010 | 309.30 | 2019 | 300.44 |
| 2011 | 319.89 | 2020 | 326.97 |
| 2012 | 320.40 | 2021 | 325.41 |
| 2013 | 330.71 | 2022 | 334.55 |
| 2014 | 327.13 | 2023 | 333.55 |
| 2015 | 307.13 | 2024 | 327.59 |
| 2016 | 321.59 | 2025 | 330.27 |

### 15 વર્ષમાં મુખ્ય તારણો

**સૌથી ઊંચી સપાટી**
2022 - 334.55 ફૂટ
**સૌથી નીચી સપાટી**
2018 - 300.26 ફૂટ
**330 ફૂટ કે તેથી વધુ સપાટી રહેલાં વર્ષો**
2013, 2022, 2023, 2025






લાલબત્તી | મોબાઈલ વાપરવાની લત બાળકના ભવિષ્ય માટે ઘાતક બની રહી છે

# સુરતમાં પાંચ વર્ષમાં 10 હજારથી વધુ બાળકોને સ્ક્રીન ટાઈમ સંબંધિત મગજની સમસ્યા

**મોટાભાગે** 2થી 5 વર્ષની વયનાં બાળકો શિકાર, અનેક કેસોમાં પિડીયાટ્રીક ન્યૂરોલોજિસ્ટની સલાહ લેવી પડી, ૩૦૦થી વધુ શિક્ષકોને પિડીયાટ્રીક ન્યૂરોલોજિસ્ટ ડો.રિતેશ તાલીમ આપશે

સુરતઃ શહેરમાં કોરોના પછીના સમયમાં બાળકોમાં મોબાઈલના ઉપયોગનો અતિરેક જોવા મળ્યો છે, જે હવે ગંભીર ચિંતાનું કારણ બન્યું છે. ખાસ કરીને 2થી 8 વર્ષ વચ્ચેના બાળકોમાં મોબાઈલના વધારે સ્ક્રીન ટાઈમને કારણે મગજ પર પડતી અસરો હવે સ્પષ્ટ જોવા મળી રહી છે. ...અનુસંધાન પાના ૯ પર



### મોટા ભાગનાં બાળકો 2થી 5 વર્ષનાં

આ પ્રકારના બાળકોમાં મોટા ભાગે 2થી 5 વર્ષના નાના બાળકો વધુ અસરગ્રસ્ત હોવાનું જણાય છે. 10 વર્ષ પહેલા આવા કેસો બહુ ઓછી સંખ્યામાં હતા, પરંતુ છેલ્લા પાંચ વર્ષમાં આ સંખ્યા ભારે પ્રમાણમાં વધી છે.

### સામાન્ય લક્ષણોઃ સાંભળવા કે જવાબ આપવાની ક્ષમતા ઘટે છે

ડો.શાહના જણાવ્યા મુજબ, સ્ક્રીન ટાઈમ વધતાં બાળકોની કોમ્યુનિકેશન ક્ષમતા ઘટે છે, હાયપરએક્ટિવિટી વધે છે, તેઓ વડીલોની વાતો સાંભળતા નથી કે જવાબ આપતા નથી અને એકલાવાદી બની જાય છે. બાળકો બોલતાં નથી, ...અનુસંધાન પાના ૯ પર

FLAT FOR SELL IN VESU
Nandini 1, 2000 Sq ft, 10th floor Flat C 1002
Contact : Naresh Shah 9537693651

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧
છેલ્લા પાને ₹૧૮૦૦/- | અંદરના પાને ₹૧૫૦૦/- | છેલ્લા પાને કલર ₹૨૫૦૦/-
ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને ₹ ૪૫૦૦/- | અંદરના પાને ₹ ૩૦૦૦/- | છેલ્લા પાને કલર ₹ ૫૨૦૦/-
(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

નાગ્રદા વિશા મેવાડા વણિક અવસાન – શોક સભા / બેસણું


સ્વ. અશોકભાઈ ધનસુખભાઈ મહેતા

અમારા પિતાશ્રી અશોકભાઈ ધનસુખભાઈ મહેતા નું તા. ૩૧-૦૭-૨૦૨૫, ગુરુવારે દુઃખદ અવસાન થયું છે. પ્રભુ એમના દિવ્ય આત્માને સદગતિ પ્રદાન કરે એજ પ્રાર્થના.

સદ્ગતની પ્રાર્થના સભા : તા.૦૨-૦૮-૨૦૨૫ ને શનિવાર સાંજે ૫.૦૦ થી ૭.૦૦ દરમ્યાન યોજવામાં આવેલ છે.

-: શોકાતુર :-
સમીર અશોકભાઈ મહેતા — ધવલ અશોકભાઈ મહેતા
સોનલ સમીર મહેતા — પ્રીતી ધવલ મહેતા
ખુશી સમીર મહેતા — હર્ષ ધવલ મહેતા
સમસ્ત મહેતા પરિવાર

પ્રાર્થના સ્થળ : SVNIT સ્ટાફ કલબ, SVNIT કેમ્પસની અંદર, કેવલ ચોક, અઠવા, સુરત.

અનાવિલ અવસાન


સ્વ. પ્રમોદચંદ્ર ધીરૂભાઈ દેસાઈ
સ્વ.તા.૩૧-૦૭-૨૦૨૫

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે શ્રી પ્રમોદચંદ્ર ધીરૂભાઈ દેસાઈનું તા.૩૧-૦૭-૨૦૨૫ને ગુરૂવારે દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતની આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

સદ્ગતની સંયુક્ત પ્રાર્થના સભા તા.૦૪-૦૮-૨૦૨૫ને સોમવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે લાયન્સ કલબ, લાલજીનગર પાસે, સરદાર બ્રીજની નીચે, અડાજણ, સુરત મુકામે રાખેલ છે.

લૌકિક રિવાજ બંધ છે

લિ.
ગં.સ્વ. ઉર્વશી પ્રમોદચંદ્ર દેસાઈ (પત્ની)
ગં.સ્વ. નિર્મળા રંજનભાઈ મહેતા (બહેન)
મેહુલ પ્રમોદચંદ્ર દેસાઈ (પુત્ર)
અવનિ મેહુલ દેસાઈ (પુત્રવધુ)
પ્રેરક મેહુલ દેસાઈ (પૌત્ર)

શ્વસુર પક્ષઃ
હિતેન્દ્ર બાબુભાઈ દેસાઈ (USA)
હેમંત મોહનલાલ દેસાઈ (પીપલધરા)

છ માસિક શ્રદ્ધાંજલી


સ્વ. સીતાબેન કરશનભાઈ રબારી
જન્મ તા. ૧/૬/૧૯૫૩
સ્વર્ગવાસ તા. ૨/૨/૨૦૨૫

‘જનનીની જોડ સખી નહીં જડે રે લોલ’
પૂ. મમ્મી તથા બા
આપના ચરણોમાં કોટી કોટી વંદન

આપના આદર્શ વિચાર, આપની સલાહ અને માર્ગદર્શન, આપનું સાદગીભર્યું જીવન અને ઉંચા વિચારો, માયાળુ સ્વભાવ અને પરોપકારની ભાવના તથા આપનો સમાજ પ્રેમ અને પરિવાર પ્રેમ અમો આજીવન ભુલીશું નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમશાંતિ આપે એ જ પ્રાર્થના.

લિ. પ્રો. કરશનભાઈ ગોવિંદભાઈ રબારી
પ્રશાંત કે. રબારી (પુત્ર) — અર્જુન કે. રબારી (પુત્ર)
રાધા પી. રબારી (પુત્રવધુ) — ધર્મિષ્ઠા એ. રબારી (પુત્રવધુ)
આશાબેન કે. રબારી, પન્નાબેન પી. રબારી, દિનાબેન કે. રબારી (પુત્રીઓ)
પ્રતીક, કપીલ, જીગર, નિર્મલ, હર્ષ, જસ, મનાલી, ઉપાસના, કુશ, લવ, આસ્થા
સૌના જયશ્રીકૃષ્ણ - ‘જય વડવાળા’

સરનામુંઃ મુ.પો. પીસાદ, તા. પલસાણા, જી. સુરત